Tuesday 10, November 2026
Page : 08 + 4 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

દમણગંગા ટાઇમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૧૫૮ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રીઃ વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫







દમણગંગા ટાઇમ્સ
તંત્રી લેખ

આજથી વિક્રમ સંવત ૨૦૮૩નું નવું વર્ષ શરુ થઈ રહ્યું છે. ત્યારે સ્વભાવિક છે કે દરેકના હૃદયમાં આનંદ અને ઉત્સાહનો ઉલ્લાસ છવાયેલો હોય. દિવાળી એ આપણું મહાપર્વ છે. સાથે જ શકિત અને સત્યનો મહિમા કરવાનું પર્વ પણ છે. નવરાત્રીમાં આદ્યશકિતની આરાધના અને દશેરાએ અસત્ય પર સત્યનો વિજય અને પછી પ્રભુ શ્રી રામના અયોધ્યા આગમન ટાંણે પ્રકાશનું પર્વ ભારતીય ધર્મ સંસ્કૃતિનો અનોખો સંદેશ આપતાં દિવસો છે. આ સંદેશાઓ માત્ર આધ્યાત્મિક કે ધાર્મિક જ નહીં પણ એના સામાજિક અને રાજકીય સૂચિતાર્થો પણ લઈને આવે છે. તાજેતરના વર્ષમાં આંતરરાષ્ટ્રીય સ્તરે અને ઘર આંગણે પણ જે અસંતોષ, અસહમતિ અને અસહકારનું વાતાવરણ જામ્યું છે એ નવા વર્ષમાં હળવું થાય. અનિશ્ચિતતાના માહોલ વચ્ચે સ્થિરતા આવે. અને સર્વ કોઈ માટે નવું વર્ષ યશસ્વી, લાભદાયી અને આરોગ્યપ્રદ નિવડે એવી પ્રભુ પ્રાર્થના સાથે અત્રેથી દમણગંગા ટાઈમ્સના સર્વે વાંચકો, વિજ્ઞાપનદાતાઓ, વિવિધ એજન્સીઓ, એજન્ટ અને ફેરિયા બંધુઓથી લઈને ધાર્મિક, સામાજિક, રાજકીય અને વહીવટી ક્ષેત્રના સૌ કોઈ નામી અનામી શુભેચ્છકોને નવા વર્ષની શુભકામના.

-વિકાસ ઉપાધ્યાય

દમણગંગા ટાઈમ્સ
દિવાળી અને નવા વર્ષ નિમિત્તે કાર્યાલય તા. ૧૩ - ૧૧- ૨૦૨૬ સુધી રજા પાળશે. તેથી અંકો આવશે નહી. ત્યારબાદ અંકો રાબેતા મુજબ આવશે.
-સંપાદક





નવા વર્ષે જીવનને નવી દિશા આપવાનો સંકલ્પ



ચંદ્રકાંત પ્રભાકર, મગોદ ડુંગરી

દિવાળી અને નૂતનવર્ષ એટલે પ્રકાશનો પર્વ. ઉત્સાહ, ઉમંગનો તહેવાર અને નવા સંકલ્પો સાથે જીવનને નવી દિશા આપવાનો સમય સાથે નવી શરૂઆતનો સંદેશ આપવાનો ક્ષણિક પરંતુ જીવનને લાંબા સમય માટે સ્પર્શી જતો સમય આ દિવસ માત્ર દીવા પ્રગટવવાનો નથી પરંતુ પોતાના અંતરમાં જ્યોત પ્રગટાવવાનો પણ છે.આ તહેવાર જીવનના અંધકારમાંથી પ્રકાશ તરફ આગળ વધવાનું આપણને સતત યાદ અપાવે છે પરંતુ અંદરના અંધકાર દૂર કરવા માટે આધ્યાત્મિક અભ્યાસનો એક ધાર્મિક વિધિ છે તે ભારતીય સંસ્કૃતિની આત્મા છે જે દરેક વ્યક્તિના જીવનમાં સુખ - સમૃદ્ધિ અને સુખાકારીનો -કાશ ફેલાવે છે. આ પાંચ દિવસનો તહેવાર વાઘબારસથી શરૂ થાય છે અને ભાઈબીજ સુધી ચાલુ રહે છે પરંતુ તે ફક્ત ઉજવણી કરતાં વધુ નહી પરંતુ એક આધ્યાત્મિક યાત્રાનું પ્રતિનિધિત્વ કરે છે. દિવાળી ફક્ત એક તહેવાર નથી તેનું ધાર્મિક, સામાજીક, સાંસ્કૃતિક અને આર્થિક મહત્વ પણ છે. દિવાળીનો સંદેશ એ છે સાચો પ્રકાશ બાહ્ય નહી પરંતુ અંદર હોવો જોઈએ. દર વર્ષે દિવાળી આવે છે, પ્રકાશ ફેલાવે છે અને અંધકાર દૂર કરે છે પરંતુ શું એ પ્રકાશ આપણા જીવનમાં ઉતરે છે ખરો ...? શું એ જ્યોત આપણા માન અને વિચારમા ઝળહળે છે ...? આ જ વિચારને આધારે આપણે નવા વર્ષની શરૂઆત નવા સંકલ્પોથી કરવી જોઈએ. આધુનિક જીવનની ભાગદોડ સમય સાથેની સતત દોડ અને દૈનિક કાર્યશૈલીના તણાવ વચ્ચે માનવજીવન ઘણીવાર એક સરખા ઢાંચામા ઢળી જતું હોય છે.

અનેક પ્રશ્નો અને તેજી મંદી સાથે સવંત ૨૦૮૨ ના વર્ષ વિદાય લેશે અને નવા ઉમંગ અને ઉત્સાહ સાથે નવુ વર્ષ સવંત ૨૦૮૩ નો પ્રારંભ થશે.હવે નૂતનવર્ષને આવકારીએ દરેક વ્યક્તિએ નવાવર્ષે ફરી ઉત્સાહથી જીવવા કરેલા સંકલ્પોને આપણે શુભેચ્છા પાઠવીએ છીએ. નવા વર્ષે લોકો વહેલા ઉઠે છે નવા વસ્ત્રો અને ઉત્સાહ સાથે એકબીજાને સાલમુબારક કરીએ છીએ.નૂતનવર્ષાભિનંદન એટલે નવા વર્ષના તમોને અભિનંદન ટૂંકમાં નવુ વર્ષ સુખમય, નિરોગી, સમૃદ્ધિ અને પ્રગતિશીલ રહે તેવા ભાવ સાથે પરસ્પર શુભકામના પાઠવવામાં આવે છે.નવવર્ષથી ધન કમાવવાની સાથે નૈતિક મૂલ્યો જાળવી રાખો. પારદર્શિતા, પ્રમાણિકતા સાથે જવાબદારી એ સાચા વિકાસના સ્તભ છે જયારે ધન મહત્વનું છે પરંતુ ધનની સાથે ધર્મ પણ એટલો જ મહત્વનો છે. દિવાળીનો પ્રકાશ આપણને અંધકારમાંથી બહાર લાવે છે પરંતુ સાચો પ્રકાશ ત્યારે જ થાય છે જયારે આપણા વિચારો,સંકલ્પો અને ક્રિયાઓ પણ પ્રકાશિત થાય.જીવન એક દીવો છે તેને પ્રજવલ્લિત અને જાળવવાની જવાબદારી આપણા પર છે.નવુવર્ષ,નવી શરૂઆત અને નવા સંકલ્પ સાથે આપણે સૌએ સાચી દિશામાં આગળ વધીએ જ્યાં માનવીનું જીવન માત્ર સફળ નહી અર્થસભર બને.

આવી રે દિપાવલી.....!



આવી આવી ઝળહળ એવી, આવી રે દિપાવલી,
આવી આવી મંગળ એવી, આવી રે દિપાવલી..!

દશે દિશાઓ ઝળહળ, ઝળહળ, શોભંતી દિપાવલી..!
નવલા રંગ ઉમંગો લઈને, આવી આ દિપાવલી..!

સૌને પ્રાંગણ દિવડા ઝગમગ, પ્રગટાવે દિપાવલી,
ભાતભાતની રંગોળીનું, પર્વ છે આ દિપાવલી...!

હર્ષની છોળો ઉમટે સઘળે,
આનંદમય દિપાવલી,
ફૂલઝર, ટેટા, ફટાકડાથી ધમધમતી દિપાવલી...!

ઘૂઘરા, મઠીયા, ચકરી, મીઠાઈ, સ્વાદભરી દિપાવલી..!
હાલો, હાલો, હાલો માણીએ, ભેળા થઈ દિપાવલી...!

હર હૈયે આનંદ, હરખ છે, ઉત્સવનો માહોલ બધે,
દિલથી પાઠવું છું શુભ ઈચ્છા, મુબારક દિપાવલી..!

સૌનું કાયમ શુભશુભ હોજો, સમણાં સૌ સાકાર થજો,
દિલથી પાઠવું શુભ કામના,
ફળજો આ દિપાવલી...!

- કિરીટ શાહ, વાપી

તહેવારો માનવીનું સાચું ઓળખપત્ર છે..!

તહેવાર પ્રમાણે લોકોના નકલી અભિનય પણ માણવા જેવા હોય મામૂ..! તહેવારો ઉર્જાનું Update છે. આ વાત ભલે તત્વજ્ઞાનથી વ્હારેલું લાગે, બાકી તહેવાર હોય કે વ્યવહાર હોય, મગજમાં બેસણા ચાલતા હોય એમ, પ્રસંગ આવે ને માણસ સુઉઉન મારી જાય. એક સમય હતો કે, તહેવાર અને વ્યવહાર શટલ રીક્ષાની જેમ સચવાતો. પ્રસંગની રાહ જોવાતી. એકમેકને મળવાનો ઉન્માદ રહેતો, ને પૂર્વ તૈયારી માટે પણ આનંદ રહેતો. આજે એમાં પણ 'ડીજીટલ ચેઈન્જ' આવ્યો હોય એમ, તહેવારો 'ગુડ મોર્નિંગ-ગુડ નાઈટ' જેવા સસ્તા બની ગયા. તહેવાર પ્રમાણેના 'ઈમોજી' મોકલ્યા એટલે વાર્તા પૂરી..! તું તારા ઘેર ને હું મારા ઘેર..! હો ગઈ દિવાલી..! એક સમય હતો, કે, છઠ્ઠું છોકરું જન્મ્યું હોય તો પણ સગાવ્હાલા હરખ પદુડા બનતા. રમાડવાનો આવસર કાઢી મનથી વ્યવહાર ભરેલા રહેતા. તહેવારોની પણ એવી જાહોજલાલી રહેતી.! દેવા =ભાઈ દેવું કરીને પણ ખિસ્સા ખંખેરતા. આજે તો મેસેજથી મોબાઈલ ભરી દે. ચંદી પડવાને દિવસે મારા મોબાઈલમાં શુભેચ્છા સાથે ઘારીના એટલા ફોટા આવ્યા કે, મોબાઈલની આસપાસ કીડીઓ ફરતી થઈ ગઈ. લગનની કંકોત્રી પણ 'ફોટો મેસેજ' ફરતી થવા માંડી. અને ચાંલ્લો પણ ઓન-લાઈન થવા માંડ્યો. એના કપાળમાં કાંદા ફોડું, એમાં પણ લગનના ચાંદલા જેવો વ્યવહાર આવી ગયો. તહેવારો મનની નહિ, પણ ઉછીના વ્યવહારની ઉર્જા બની ગઈ.

તહેવારો એટલે 'ડીસ્ચાર્જ' થઇ ગયેલા સંબંધોને 'ચાર્જીંગ' કરવાનો અવસર..! પાડોશી સાથે આખું વર્ષ ભલે ભાજપ અને કોંગ્રેસ જેવા મારફાડ સબંધ રહ્યા હોય, પણ ઉત્તરાયણ આવે એટલે ધાબે સંબંધ સુધારી લે કે, 'એ તારો કાઈપો છે હંઅઅકે..?' વણસેલા સંબંધ સુધારવા પતંગને નિમિત બનાવે..!

સફેદ કપડામાં ભલે આખું વર્ષ ફરતા હોય, તમારો વિરોધી તમને રંગ છાંટીને વ્યવહાર સુધારી દે, તો માનવું કે, સંબંધની રંગોળી બની ગઈ. તહેવારો એ સંકટ સમયની સાંકળ છે. ખડૂસ બોસ જેવા બોસનુંપણ કાળું મોંઢું કરવાનો મોકો આપે એનું નામ ધૂળેટી..! આ માટે બોસ નોટીશ નહિ આપે, પણ નહિ રંગ્યો તો નોંધ લે, ફલાણાએ આ ધૂળેટી ઉપર મારી સાથે રંગ છાંટવાના પણ સંબંધ નહિ રાખ્યા. પરસ્પરના વ્યવહારની એ ઉર્જા અને અભિનય છે. રક્ષાબંધન નો તહેવાર એટલે ભગીની માટે પ્રેમ ન્યોચ્છાવર કરવાનો તહેવાર..! એમાં પણ લુણો લાગવા માંડ્યો. અધિકાર ભાવે ભાઈ માટે

Equated yearly Instalment



હાસ્ય લહરી
રમેશ ચાંપાનેરી (રસમંજન)
હાસ્ય કલાકાર
94268 88880

સમાન વાર્ષિક હપ્તા બનવા માંડ્યો. એવું જ દિવાળીનું.! દિવાળીનાં ઉત્સવમાં પાનખરની અસર આવી હોય એમ, income tax return જેવી વિધિ બની ગઈ. આખું વર્ષ કોણે કોને ભાવ નહિ આપ્યો એના હિસાબ ચૂકવવાનો તહેવાર એટેલે દિવાળી. દિવાળીમાં અમુકને તો હરખના એવા હુમલા આવે કે, જેને આખું વર્ષ ક્યારેય મળ્યા કે બોલાવ્યા ના હોય, એને પણ લોકો ભેટવા જાય. સામાવાળાને શંકા જાય કે, નક્કી દાળમાં કંઈ કાળું છે..! પેલાને કેમ સમજાવવું કે, દાળમાં કંઈ કાળું નથી, આખી દાળ જ કાળી છે. એમાં પાછા અંદરની મીઠાઈ ભલે ખંભાતના હલવાસન જેવી હોય, પણ પેકિંગ એવું આકર્ષક હોય કે, ખોલે ત્યારેજ ખબર પડે કે, બહાર ભલે દિવાળી છે. પણ અંદરથી કાળી ચૌદશ નીકળે..! લેનારની આંખ ભલે આપનારની આંખ સાથે મંડાયેલી હોય, પણ હાથમાં બોક્ષ લઈને કહે, 'અરેરે..આની શું જરૂર હતી..? મઝા તો ત્યારે આવે કે, એ બોક્ષ ચલણી નોટની મોટો પાંચ-છ જણાને ત્યાંથી ફરતું ફરતું જ આવ્યું હોય. જ્યારે એ જ બોક્ષ પાછું મૂળ માણસના ઘરે આવે ત્યારે આપનારને સમજાય કે, પૃથ્વી ખરેખર ગોળ છે..! આખું વર્ષ જેમણે ગોળનો ગાંગડો ના ખવડાવ્યો હોય, એ વળી મીઠાઈ લાવે..? અને લાવે તો કેવી લાવે..? સવારે બીજા માળવાળાએ ચોથા માળવાળાને આ બોક્ષ આપ્યું હોય. ચોથામાળવાળાએ ભોંય તળિયાવાળાને પધરાવ્યું હોય ને ભોય તળિયાવાળાએ ત્રીજા માળવાળાને આપ્યું હોય, એમ એક જ બોક્ષ વ્યવહારના નામે આખા એપાર્ટમેન્ટમાં ફરતું હોય..! બોક્ષ ઉપર પાછું લખ્યું હોય કે, ચોખ્ખી ભેંસ(?) નાં ચોખ્ખા દૂધમાંથી બનાવેલી મીઠાઈ..! એના કપાળમાં કાંદા ફોડું, મીઠાઈ પણ ચોખ્ખી ના હોય, માણસ પણ ચોખ્ખો ના હોય ને વ્યવહાર પણ ચોખ્ખો ના હોય..! મીઠાઈનું બોક્ષ, ખાવા કરતા ચલણી નોટની માફક ફેરવવામાં જ વધારે વપરાયું હોય..! આ પણ એક અભિનય છે ને મામુ..? સો વાતની એક વાત કે, તહેવારો આવે ત્યારે જ માનવીની

સાચી ઓળખ થાય. પ્રસંગ કે તહેવારઆવે ત્યારે જ સમજાય કે, કોણ કેટલા કેરેટનો છે. માનવી એના વ્યવહારથી ઓળખાતો હોય. ઉજવણીથી ઓળખાતો હોય. ગઈ દિવાળી પછી પહેલ વહેલો આવે છતાં દબડાવે આપણને..! કેમ આજકાલ દેખાતા નથી..? તારા કપાળમાં કાંદા ફોડું..? , દિવાળીએ આવે એટલે દુરથી જ નમસ્તે..... નમસ્તે..હેપ્પી દિવાળી કરતો આવે તો સમજી લેવું કે, આ દર્શન કરવા નહિ સ્વદર્શન આપવા આવ્યો છે. જો કે, આપણને પણ થાય કે, આ હમણાં જ ક્યાંથી ટપકી પડ્યો..? એટલે જુએ ત્યાંથી મેવા મીઠાઈ ઉંચે ચઢવા માંડે.! આવ્યા પછી સરસ શબ્દોના એવા અત્તર છાંટે કે, આપણને શંકા જાય કે, બંદો વ્યવહારુ બની ગયો..! આ પણ માત્ર અભિનય છે, પણ સામી દિવાળીએ બગાડે કોણ..? આપણા તહેવાર અને વ્યવહાર આમ જ ટકેલા છે..! જેમાં ફટાકડા કરતા લોકોના દંભની રોશનીથી સૌના શ્વાસ ધબકે છે. હિસાબ લખાવા માંડે. નવા હિસાબ માટે ચોપડા પૂજન થાય. ત્યારે સમજાય કે, ફલાણાએ તો પૈસા ચૂકવ્યા જ નથી. એટલે ચોપડા પૂજન ગાલિ-પ્રદાનની પણ વિધિ થતી હોય. જે હોય તે, તહેવાર એટલે વ્યવહારનું ક્ષેપક..! વ્યવહાર પણ 'સર્વિસ' માંગે ત્યારે તહેવારનો સહારો શોધે. એ માટે દિવાળી એ મજબુત આધાર સ્તંભ છે. ભલે ૩૬૫ દિવસન

। કેલેન્ડરનાં પાનિયા ફાડ્યા ત્યાં સુધી ઘરે આવ્યો ના હોય, પણ દિવાળીએ આવીને ઉભો રહે એ પણ એક અભિનય છે. નવું વર્ષ આવે એટલે કેલેન્ડર બદલાય, તારીખ બદલાય, અને કેટલાક લોકોના દિલમાં અચાનક લાગણીનો નવો પેક ખૂલે. આખું વર્ષ એકબીજાને યાદ ન કરનારા લોકો પણ ૩૧ ડિસેમ્બરની રાતે ફોન હાથમાં લઈને સંબંધોની વાર્ષિક સર્વિસિંગ શરૂ કરે છે. નુતન વર્ષાભિનંદન બોલી, ફૂવ્વારા પણ છોડે કે, 'ભગવાન કરે તમારું વર્ષ સુખ, શાંતિ અને સમૃદ્ધિથી ભરેલું રહે. જો કે આવું સાંભળીને ભાવવિભોર થાવની વાત જ નથી, આવું જ એ ગયા વરસે પણ ફેંકી ગયેલો. શબ્દો એના એ જ માત્ર તારીખ અને સંવત બદલાય.

શુભેચ્છકોના પણ પ્રકાર હોય મામૂ..! કેટલાંક બ્રેકફાસ્ટ શુભેચ્છકો હોય તો, કેટલાક બ્રોડકાસ્ટ શુભેચ્છકો જેવા..! એક જ મેસેજમાં તમને ભીંજવી નાંખે. એના ઈમોજી જોઈને એનમ જ લાગે આ બંદો ઋષિ અગત્સ્યનો વારસદાર હોવો જોઈએ. 'સંબંધ સુધારણા સપ્તાહ' માંડીને એવો બેઠો હોય કે, આપણને એમ જ લાગે કે,આવતી કાલનું પ્રભાત 'રામરાજ્ય' થી શરુ થવાનું..! કેટલાંક લોકો સંબંધ સુધારણાનું ખાતમૂહર્ત કરવા જ આવે. બાકી, ઈન્ફાસ્ટ્રકચરમાં ભમરડા જ ફરતા હોય. જાણે સંબંધનો કોન્ટ્રાકટ રીન્યુ કરવા જ આવે..! જેવી સંવત બદલાય એટલે એની કામચલાવ વસંત પાનખરમાં ફરવા માંડે. આ બધામાં સૌથી નિર્દોષ લોકો એ છે જે ખરેખર યાદ કરીને ફોન કરે છે. ક્કકેમ છે? બહુ સમયથી વાત નહોતી થઈ.ક્ક એમના અવાજમાં નવો વર્ષ ઓછો અને જૂનો સ્નેહ વધારે દેખાય. એમની શુભેચ્છા કોપી-પેસ્ટ નથી; એમાં થોડું સ્મરણ, થોડો હાસ્ય અને સાચો સંબંધ હોય છે. બકા, સંબંધોનું રીન્યુઅલ કેલેન્ડરથી નહીં, યાદ રાખવાથી થાય છે. સાલમુબારકનો મેસેજ મોકલવો સારી વાત છે—પણ જો આખું વર્ષ કોઈની ખબર ન પૂછો, તો ૧ જાન્યુઆ

રીનો એક ઈમોજી સંબંધને એવો જ તાજો નહીં કરી શકે, જૂના ફોનમાં નવું કવર ચઢાવવાથી ફોન નવો બનતો નથી...!

લાસ્ટ બોલઅલ્યા આજ સવાર સવારમાં ક્યાં ગયો હતો? દિવાળીની ખરીદી કરવા..! અચ્છા શું લાવ્યો..? એક જગ અને થોડાંક મગ..! એટલે ? એ બે ને ભેગા કરીશ એટલે દિવાળી ઝગમગ ઝગમગ..થયા કરશે.

તારા કપાળમાં કાંદા ફોડું...!



નૂતન વર્ષ : ક્ષમા-પ્રેમ અને સદ્‌સંકલ્પો સાથે જીવનને નવદિશા આપવાનો અવસર

નૂતન વર્ષ એટલે માત્ર નવા વર્ષનો પ્રારંભ નહીં પરંતુ જૂની કડવાશ ભૂલીને સંબંધોમાં મીઠાશ ઉમેરવાનો, મનમાંથી વેરઝેર દૂર કરીને પ્રેમ અને સદ્ભાવના કેળવવાનો તથા આત્મસુધારણાના નવા સંકલ્પો સાથે જીવનને નવી દિશા આપવાનો પવિત્ર અવસર છે.

ભારતીય સંસ્કૃતિમાં દરેક તહેવારની પાછળ કોઈને કોઈ ધાર્મિક-આધ્યાત્મિક અને જીવનોપયોગી સંદેશ સમાયેલો હોય છે. દિવાળીના દીપોત્સવ પછી આવતું બેસતું વર્ષ એટલે ગુજરાતી નૂતન વર્ષ. આ દિવસ આનંદ, ઉત્સાહ, ઉમંગ, સ્નેહ અને શુભેચ્છાઓની આપ-લે કરવાનો પર્વ છે પરંતુ નૂતન વર્ષનો સાચો આનંદ ત્યારે જ સાર્થક બને છે જ્યારે આપણે માત્ર ઘરની સાફસફાઈ અને શણગાર પૂરતાં સીમિત ન રહીને આપણા અંતરમનની પણ સફાઈ કરીએ, જૂના મનદુઃખો ભૂલી જઈએ અને જીવનમાં સદવિચારો તથા સદગુણોનો નવો પ્રકાશ પ્રગટાવીએ.

જૂનું વેરઝેર ભૂલીને દુશ્મનનું પણ સારું ઈચ્છીએ..

નૂતન વર્ષના દિવસે આપણે એકબીજાને શુભેચ્છાઓ પાઠવીએ છીએ, મીઠાઈઓ વહેંચીએ છીએ અને સુખ-સમૃદ્ધિની કામનાઓ કરીએ છીએ પરંતુ આ શુભેચ્છાઓનો સાચો અર્થ ત્યારે જ સિદ્ધ થાય, જ્યારે આપણા હૃદયમાં સૌના પ્રત્યે પ્રેમ, કરૂણા, ક્ષમા અને શુભભાવના હોય. જે વ્યક્તિ સાથે આપણું મનદુઃખ થયું હોય, જેણે આપણને દુઃખ પહોંચાડ્યું હોય કે જેની સાથે વર્ષોથી અણબનાવ ચાલતો હોય તેને પણ ક્ષમાભાવથી સ્વીકારીને તેના સુખની કામના કરવી એ જ નૂતન વર્ષની સાચી ઉજવણી છે.

દુશ્મનનું પણ સારૂં ઈચ્છવું એ નબળાઈ નથી પરંતુ વિશાળ હૃદય અને ઉચ્ચ માનસિકતાની નિશાની છે. વેરનો જવાબ વેરથી આપવાથી વેર વધે છે જ્યારે પ્રેમ અને ક્ષમાથી અનેક સંબંધોમાં ફરી મીઠાશ આવી શકે છે. ભગવાન શ્રીકૃષ્ણે ભગવદ ગીતામાં દૈવી ગુણોનું વર્ણન કરતાં ક્ષમા, અહિંસા, અક્રોધ અને દયાને માનવીના જીવનના મહત્વપૂર્ણ ગુણો ગણાવ્યા છે.

આપણે નવા વર્ષે એવો સંકલ્પ કરીએ કે કોઈના પ્રત્યે મનમાં દ્વેષ નહીં રાખીએ, કોઈનું અહિત નહીં ઈચ્છીએ અને શક્ય હોય ત્યાં સુધી તૂટેલા સંબંધોને ફરી જોડવાનો પ્રયત્ન કરીશું કારણ કે મનમાં વેર રાખીને આપણે બીજાને નહીં પરંતુ સૌથી પહેલાં પોતાની જાતને જ દુઃખી કરીએ છીએ.

નૂતન વર્ષ એટલે આત્મચિંતન અને આત્મસુધારણાનો અવસર..

વિતેલા વર્ષમાં આપણાથી ક્યાં ભૂલો થઈ, કયા નિર્ણયો ખોટા સાબિત થયા, કઈ જવાબદારીઓ અધૂરી રહી ગઈ અને કયા સંકલ્પો પૂરા ન થઈ શક્યા તેનું નિષ્પક્ષ આત્મચિંતન કરવાનો આ ઉત્તમ સમય છે. ગયા વર્ષની નિષ્ફળતાઓને યાદ કરીને નિરાશ થવાને બદલે તેમાંથી બોધપાઠ લઈને નવા ઉત્સાહ સાથે આગળ વધવું જોઈએ. ગયા વર્ષે અધૂરાં રહેલાં સપનાંઓને સાકાર કરવા માટે નવા વર્ષે દ્રઢ સંકલ્પ કરવો જોઈએ પરંતુ માત્ર સંકલ્પ કરવાથી સપનાં સાકાર થતાં નથી, તેના માટે સતત પ્રયત્ન, ધીરજ, આત્મવિશ્વાસ, સમયનું યોગ્ય આયોજન અને કર્મનિષ્ઠા જરૂરી છે.

નૂતન વર્ષના પ્રારંભે આપણે નક્કી કરીએ કે જૂની ખરાબ આદતો છોડીશું, ક્રોધ અને અહંકાર પર નિયંત્રણ રાખીશું, કડવાં વચનો બોલવાનું ટાળીશું, સમયનો સદુપયોગ કરીશું, વડીલોનું સન્માન કરીશું, માતા-પિતાની સેવા કરીશું અને જરૂરિયાતમંદોની યથાશક્તિ મદદ કરીશું. સાચો બદલાવ બીજાને બદલવાની અપેક્ષા રાખવાથી નહીં પરંતુ પોતાની જાતને બદલવાની તૈયારી રાખવાથી શરૂ થાય છે તેથી નવા વર્ષે બીજાની ખામીઓ શોધવાને બદલે પોતાની ખામીઓ શોધવાને બદલે પોતાની ખામીઓ દૂર કરવાનો સંકલ્પ કરીએ.

મન જ મિત્ર અને મન જ શત્રુ છે..

માનવીના જીવનમાં મનની સ્થિતિનું ખૂબ જ મહત્વ છે. મનુષ્યનું મન જ તેને ઉન્નતિના શિખરે પહોંચાડી શકે છે અને મન જ તેને પતન તરફ પણ દોરી શકે છે. ભગવદ્ ગીતાના અધ્યાયઃ૬/૬માં ભગવાન શ્રીકૃષ્ણ કહે છે કે જેણે મનને જીતી લીધું છે તેના માટે મન મિત્ર છે, જ્યારે મન પર કાબૂ ન રાખનાર માટે એ જ મન શત્રુ સમાન બને છે.

જ્યારે આપણે કોઈ સારો સંકલ્પ કરીએ છીએ ત્યારે મન અનેક બહાનાં શોધે છે.જૂની આદતો છોડવી મુશ્કેલ લાગે છે, સારા માર્ગે ચાલવામાં અનેક અવરોધો આવે છે અને ઘણી વખત નિષ્ફળતા પણ મળે છે. પરંતુ દ્રઢ મનોબળ અને સતત પ્રયત્નથી દરેક મુશ્કેલીને પાર કરી શકાય છે.

આજે માનવીએ વિજ્ઞાન અને ટેક્નોલોજીના ક્ષેત્રમાં અદ્‌ભુત પ્રગતિ કરી છે. ચંદ્ર અને મંગળ સુધી પહોંચવાની સિદ્ધિ મેળવી છે, સમુદ્રની ઊંડાઈ માપી છે અને અંતરિક્ષનાં રહસ્યો ઉકેલ્યાં છે પરંતુ બીજી તરફ માનવ-માનવ વચ્ચેનું અંતર વધી રહ્યું છે. ઈર્ષ્યા, દ્વેષ, સ્વાર્થ, અસહિષ્ણુતા અને હિંસાની ભાવનાઓ માનવતાને નબળી બનાવી રહી છે. માણસે માણસને મારવાનાં સાધનો શોધ્યાં છે પરંતુ માણસને માણસ સાથે પ્રેમથી જીવતાં શીખવવાની જરૂરિયાત આજે પણ એટલી જ છે.

આથી નૂતન વર્ષનો સંકલ્પ માત્ર ભૌતિક પ્રગતિનો નહીં પરંતુ માનવીય મૂલ્યોની પુનઃસ્થાપનાનો પણ હોવો જોઈએ. વિજ્ઞાનની સાથે વિવેક, સંપત્તિની સાથે સંતોષ, જ્ઞાનની સાથે નમ્રતા અને સફળતાની સાથે સેવાભાવ પણ જીવનમાં હોવો જોઈએ.

બેસતા વર્ષની ધાર્મિક અને સાંસ્કૃતિક મહત્તા..

ગુજરાતી પરંપરા અનુસાર દિવાળીના બીજા દિવસે કારતક સુદ એકમના પવિત્ર દિવસથી ગુજરાતી નૂતન વર્ષની શરૂઆત થાય છે. આ દિવસને બેસતું વર્ષ કે વર્ષ પ્રતિપદા તરીકે ઓળખવામાં આવે છે. જે રીતે મહિનાના પ્રથમ દિવસને પડવો કે બેસતો મહિનો કહેવામાં આવે છે તે જ રીતે વર્ષના પ્રથમ દિવસને બેસતું વર્ષ કહેવામાં આવે છે. પરંપરાગત ગુજરાતી વેપારી સમાજમાં આ દિવસથી નવા ચોપડાં અને હિસાબોની શરૂઆત કરવામાં આવે છે. વિક્રમ સંવતના નવા વર્ષના પ્રારંભ સાથે અનેક લોકો નવા કાર્યો-વ્યવસાયો અને શુભ પ્રવૃત્તિઓનો આરંભ કરે છે.

આ દિવસ ભક્તિ-શ્રદ્ધા અને પ્રભુ પ્રત્યેના સમર્પણનો પણ પાવન અવસર છે. વર્ષાઋતુ દરમિયાન ધરતીમાતાએ આપેલા અન્નધન પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરીને વિવિધ વાનગીઓ તૈયાર કરવામાં આવે છે અને ભગવાનને અર્પણ કરવામાં આવે છે. આ પરંપરા આપણને શીખવે છે કે જીવનમાં જે કંઈ પ્રાપ્ત થયું છે તે પ્રભુની કૃપા-પ્રકૃતિની ઉદારતા અને અનેક લોકોના પરિશ્રમનું પરિણામ છે તેથી અન્નનો આદર કરવો, અન્નનો બગાડ ટાળવો અને ભૂખ્યાને ભોજન આપવું એ પણ આપણી ફરજ છે.

ગોવર્ધન પૂજા અને અન્નકૂટનો આધ્યાત્મિક સંદેશ..

બેસતા વર્ષના દિવસે અનેક સ્થળોએ ગોવર્ધન પૂજા અને અન્નકૂટની પરંપરા ઉજવવામાં આવે છે. શ્રીમદ્ ભાગવત મહાપુરાણના દશમ સ્કંધમાં ગોવર્ધન લીલાનું સુંદર વર્ણન મળે છે.પૌરાણિક કથા અનુસાર ગોકુળવાસીઓ ઈન્દ્રની પૂજાની તૈયારી કરી રહ્યા હતા ત્યારે ભગવાન શ્રીકૃષ્ણે તેમને સમજાવ્યું કે આપણું જીવન પ્રકૃતિ, ગૌમાતા, ગોવર્ધન પર્વત અને પરિશ્રમ પર આધારિત છે તેથી પ્રકૃતિ અને જીવનને પોષણ આપતાં તત્ત્વો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવી જોઈએ. શ્રીકૃષ્ણની પ્રેરણાથી ગોવર્ધન પૂજા કરવામાં આવી. આ પ્રસંગમાં ભગવાને ગોવર્ધન પર્વતને પોતાની ટચલી આંગળી પર ધારણ કરીને ગોકુળવાસીઓનું રક્ષણ કર્યું હતું. આ પ્રસંગ માત્ર પૌરાણિક લીલા નથી પરંતુ પ્રકૃતિના સંરક્ષણ, ગૌસેવા, સહકાર અને પરસ્પર નિર્ભરતાનો મહાન સંદેશ પણ આપે છે. અન્નકૂટમાં અનેક પ્રકારની વાનગીઓ ભગવાનને અર્પણ કરવામાં આવે છે, તેનો સાચો ભાવ એ છે કે જે કંઈ આપણને પ્રાપ્ત થયું છે તે સૌપ્રથમ પ્રભુને સમર્પિત કરીને પછી પ્રસાદરૂપે સ્વીકારવું જોઈએ.

ગોવર્ધન લીલા આપણને એ પણ શીખવે છે કે અહંકાર અને અભિમાનનો ત્યાગ કરીને -ભુની શરણાગતિ સ્વીકારવી જોઈએ. જીવનમાં શક્તિ-સંપત્તિ કે સત્તાનો અહંકાર કરવાને બદલે નમ્રતા અને સેવાભાવ કેળવવો જોઈએ.

નવા વર્ષે સંબંધોમાં મીઠાશ અને જીવનમાં માનવતા ઉમેરવાનો સંકલ્પ..

નૂતન વર્ષના દિવસે આપણે પરિવારજનો, મિત્રો, સગાંસંબંધીઓ અને સ્વજનોને શુભેચ્છાઓ પાઠવીએ છીએ પરંતુ આ શુભેચ્છાઓ માત્ર ઔપચારિકતા બનીને ન રહી જાય, સંબંધોમાં વિશ્વાસ-પ્રેમ, લાગણી અને સમજણ જળવાઈ રહે તે માટે સમય આપવો જોઈએ. માતા-પિતાના આશીર્વાદ મેળવવા, વડીલોનું માર્ગદર્શન સ્વીકારવું અને બાળકોમાં સારા સંસ્કારોનું સિંચન કરવું જોઈએ.આપણે એવું વાતાવરણ ઊભું કરીએ જ્યાં કોઈ ભૂખ્યું ન રહે, કોઈ દુઃખી વ્યક્તિ એકલી ન પડે, કોઈ વૃદ્ધ અવગણનાનો ભોગ ન બને અને કોઈ જરૂરિયાતમંદ સહાયથી વંચિત ન રહે. બીજાના જીવનમાં ખુશી લાવવાનો નાનો પ્રયાસ પણ આપણા જીવનને આનંદમય બનાવી શકે છે.

સંતો અને મહાપુરૂષોએ હંમેશાં પ્રેમ-નમ્રતા-પરોપકાર અને માનવસેવાને જીવનની સાચી સંપત્તિ ગણાવી છે. સત્સંગ-સુમિરણ અને સેવાના માધ્યમથી જીવનને પવિત્ર બનાવવાનો સંદેશ પણ આપણને એ જ શીખવે છે કે પરમાત્માની ભક્તિ માત્ર શબ્દો કે વિધિઓમાં નહીં પરંતુ દરેક માનવી પ્રત્યેના સદવ્યવહારમાં પ્રગટ થવી જોઈએ.

સર્વે ભવન્તુ સુખિનઃ સર્વનું કલ્યાણ થાય..

ભારતીય સંસ્કૃતિની આ પવિત્ર પ્રાર્થના સમગ્ર માનવજાતના કલ્યાણની ભાવના વ્યક્ત કરે છે.

સર્વે ભવન્તુ સુખિનઃસર્વે સન્તુ નિરામયાઃ

સર્વે ભદ્રાણિ પશ્યન્તુ મા કશ્ચિદ્ દુઃખભાગ્ ભવેતે

સૌ સુખી થાય, સૌ નિરોગી રહે,સૌનું કલ્યાણ થાય અને કોઈપણ વ્યક્તિ દુઃખી ન રહે.

નૂતન વર્ષના આ મંગલ અવસરે આપણે માત્ર પોતાના પરિવારની સુખ-સમૃદ્ધિની જ નહીં પરંતુ સમગ્ર વિશ્વના સુખ, શાંતિ અને કલ્યાણની પ્રાર્થના કરીએ. પ્રભુ સૌના જીવનમાં પ્રેમ, આનંદ, સંતોષ, સદ્‌બુદ્ધિ, આરોગ્ય અને સમૃદ્ધિ અર્પે તેવી ભાવના રાખીએ.

ચાલો.. આ નવા વર્ષે જૂની કડવાશ ભૂલીને હૃદયમાં પ્રેમનો દીપ પ્રગટાવીએ, મનમાંથી અહંકાર અને દ્વેષ દૂર કરીએ, નિષ્ફળતામાંથી શીખીએ, સફળતામાં નમ્ર રહીએ અને દરેક દિવસને સત્કર્મો દ્વારા સાર્થક બનાવીએ. યાદ રાખીએ કે કેલેન્ડર બદલવાથી વર્ષ નવું બને છે પરંતુ વિચારો બદલવાથી જીવન નવું બને છે. વર્ષનો પ્રારંભ શુભેચ્છાઓથી થાય છે પરંતુ જીવનની સાચી શુભતા આપણા સારા કર્મો અને સદવ્યવહારથી જ પ્રગટે છે.

નૂતન વર્ષનો સાચો સંકલ્પ એ જ હોવો જોઈએ કે આપણું જીવન માત્ર પોતાના માટે નહીં પરંતુ પરિવાર-સમાજ અને સમગ્ર માનવજાતના કલ્યાણ માટે સમર્પિત બને.નૂતન વર્ષના નવલા પ્રભાતે સહુના જીવનમાં આશા અને વિશ્વાસની નવી કિરણો પ્રગટે-ઉત્સાહ અને ઉમંગની લહેરો વ્યાપે, સંબંધોમાં સ્નેહની સુવાસ પ્રસરે અને દરેક હૃદયમાં માનવતાનો દીપ અખંડ પ્રજ્વલિત રહે તેવી પરમાત્માને પ્રાર્થના.

સર્વનું શુભ થાઓ, સર્વનું મંગલ થાઓ અને સર્વનું કલ્યાણ થાઓ.

નૂતન વર્ષની હાર્દિક શુભકામનાઓ...!

- આલેખનઃ વિનોદભાઈ માછી નિરંકારી





દિવાળી અને નૂતન વર્ષની
હાર્દિક શુભકામના

આ દિવાળીનો પવિત્ર પર્વ આપના જીવનમાં સુખ, સમૃદ્ધિ, આરોગ્ય, શાંતિ અને આનંદનો પ્રકાશ સદા વ્યાપતો રાખે તેવી હાર્દિક શુભેચ્છાઓ

શ્રીમતી અસ્મિતાબેન જીતેશભાઈ પટેલ
કાઉન્સિલર, વોર્ડ નં. ૧૨

શ્રી જીતેશભાઈ પટેલ
માજી પંચાયત સભ્ય,

Happy Diwali & Happy New Year

May the festival of lights brighten your life with joy, health and prosperity.



SHREE JAIN YUVAK MANDAL ENGLISH MEDIUM SCHOOL

CBSE Affiliation No.: 430298

Kindergarten to XII Science & Commerce

ADMISSIONS OPEN

Academic Session 2027-28

For Classes Nursery to IX

OUR PRIDE

- 100% Board Results
- Sports Champions: SGFI, Khel Mahakumbh & CBSE National Handball Tournament
- Art Achievers: National-Level Drawing & Painting Competitions



ACADEMICS | SPORTS | CREATIVITY | CHARACTER BUILDING | HOLISTIC DEVELOPMENT

Near Old Railway Crossing, Beside Dixit Hospital Silvassa Road, Vapi (East)

9723777929 | www.sjymvems.org

sjymemsvapi@gmail.com

Where Academics, Sports, and Creativity Shine Together



દિપાવલી તથા નૂતનવર્ષ પર્વ નિમિત્તે
હાર્દિક શુભકામના

HARISH

HARISH TEXTILE ENGINEERS LIMITED
ENGINEERING & NON WOVEN DIVISION
Pot No. 103/1, Sanjan, Umbergaon road, Ta. Umbergaon Dist. Valsad, Gujarat - 396170

દિપાવલી તથા
નૂતનવર્ષ પર્વ નિમિત્તે
હાર્દિક શુભકામના



શ્રી નરેશભાઈ પરમાર
જિલ્લા પંચાયત સભ્ય સંજાણ

દિપાવલી તથા નૂતનવર્ષ
પર્વ નિમિત્તે
હાર્દિક શુભેચ્છા...



શ્રી રમણભાઈ પાટકર
ધારાસભ્ય, ઉમરગામ

દિપાવલી તથા નૂતનવર્ષ પર્વ નિમિત્તે
હાર્દિક શુભકામના

હિન્દુસ્તાન
પેન્સીલ પ્રા. લી.
જી.આઈ.ડી.સી., ઉમરગામ

દિપાવલી તથા નૂતનવર્ષ પર્વ નિમિત્તે હાર્દિક શુભકામના

ઉમરગામ નગર પાલિકા



શ્રીમતી ખુશ્બુબેન જાદવ
પ્રમુખ



શ્રી યોગેશભાઈ દાંડેકર
ઉપપ્રમુખ



શ્રી ગૌરવ કોન્ટ્રાક્ટર
કારોબારી અધ્યક્ષ




દિપાવલી તથા નૂતનવર્ષ પર્વ
નિમિત્તે હાર્દિક શુભકામના

શ્રીમતી ભાવીનીબેન
દિનેશભાઈ માછી
જિલ્લા પંચાયત સભ્ય :
ખતલવાડા

દિપાવલી તથા નૂતનવર્ષ પર્વ
નિમિત્તે હાર્દિક શુભકામના

ઉમરગામ તાલુકા પંચાયત



શ્રી સંતોષભાઈ (પ્રમુખ) — શ્રી હાર્દિકભાઈ (ઉપપ્રમુખ) — શ્રી હાર્દિકભાઈ (કારોબારી અધ્યક્ષ)

દિપાવલી તથા નૂતનવર્ષ પર્વ
નિમિત્તે હાર્દિક શુભકામના

ગ્રામ પંચાયત સરોંડા



શ્રીમતી રંજનાબેન સંદીપભાઈ રાઠોડ (સરપંચ)
તલાટી કમ મંત્રીશ્રી, તથા સભ્યો

દિપાવલી તથા નૂતનવર્ષ પર્વ નિમિત્તે હાર્દિક શુભકામના



શ્રી રત્નેશ્વર ચોરસીયા
ટ્રેઝરર, ઉમરગામ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન

Umargam Industries Association

SERVICE THAT NEVER SLEEPS — UIA

Happy Diwali & Happy New year



President — Ashok S. Gupta — +91 9825132022
Vice President — Bhagwan N. Bharwad — +91 9825149482
Hon. Secretary — Shyam S. Vijan — +91 9099332222
Treasurer — Ratneshwar Chourasiya — +91 9426324079
Jt. Secretary — Keyur R. Bhatt — +91 9824139745

Exe. Com. Member



Ashish H. Shah — +91 9374963768
Girish S. Rao — +91 9824356487
Mayur A. Gandhi — +91 9323033643
Moosa A. Shaikh — +91 9824137515
Naresh S. Banthia — + 91 9322220364
Nilesh K. Jain — +91 8879779735
Nitin A. Hirani — +91 9374957426
Prashant H. Thaman — +91 9867111666
Samyak N. Jain — +91 9824433366
Vipul M. Panchal — +91 9824137266

દિપાવલી તથા નૂતનવર્ષ પર્વ નિમિત્તે હાર્દિક શુભકામના



ડો. નીરવ શાહ
પ્રમુખ ઉમરગામ તાલુકા ભાજપ



દિપાવલી તથા નૂતનવર્ષ પર્વ
નિમિત્તે હાર્દિક શુભકામના

ગ્રામ પંચાયત મરોલી



શ્રીમતી ગ્રીષ્માબેન ચિરાગભાઈ પટેલ (સરપંચ)



રાજેશભાઈ કેણી (ઉપસરપંચ)

તલાટી કમ મંત્રીશ્રી, તથા સભ્યો





SHREEVALLABH ASHRAM

Killa-Pardi

Wish You All

HAPPY Diwali & HAPPY Happy New Year



info@vallabhashram.in
www.vallabhashram.in
+91 81558 61000

વાપી પંથકમાં દિવાળીએ ૮થી ૯ સ્થળે આગના બનાવો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા.૦૯ : વાપી પંથકમાં દિવાળીના દિવસે ફટાકડાનાં કારણે આગ લાગવાની ૮થી ૯ ઘટનાઓ બની હતી. જોકે વાપી મહાનગર પાલિકા ફાયર વિભાગના જવાનોએ ત્વરિત દોડી જઈને આગ પર કાબૂ મેળવતા મોટી દુર્ઘટના ટળી હતી. આનંદની વાત એ છે કે આ તમામ ઘટનાઓમાં કોઈ દાઝવાનો કે જાનહાનિનો બનાવ બન્યો ન હતો.



પ્રાપ્ત માહિતી મુજબ દિવાળીની રાત્રે ચણોદ, ભડકમોરામાં એક દુકાનમાં, ચલા વી ટુ સિગ્નેચર કોમન પ્લોટમાં,વાસ્તવ પાર્ક, ખડકલા ભીંડી ઝાડ માં,ડુંગરી ફળિયા ભંગારની ગોડાઉનમાં, ટુકવાડા સહિતના વિસ્તારોમાં આગ લાગી હતી. કેટલીક જગ્યાએ ફટાકડાની ચિનગારી ઉડીને સૂકા કચરા, ઘાસ કે કપડાંમાં પડતા આગ ભભૂકી ઉઠી હતી. જ્યારે એક-બે જગ્યાએ દુકાનની બહાર રાખેલા ફટાકડાના સ્ટોક નજીક ચિનગારી પડતા ધુમાડો જોવા મળ્યો હતો. આથી આસપાસના લોકોમાં થોડીવાર માટે ભય અને અફરાતફરી ફેલાઈ ગઈ હતી.

ઘટનાની જાણ થતાની સાથે જ મનપા ફાયર સ્ટેશનથી ફાયર ફાઈટરો ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. સ્થાનિક લોકોએ પણ પાણી અને રેતી નાખીને આગ બુઝાવવામાં મદદ કરી હતી. ફાયરના જવાનોએ સતત દોડધામ કરીને એક પછી એક સ્થળે આગને કાબૂમાં લીધી હતી. આગના કારણે કેટલીક જગ્યાએ સામાન્ય નુકસાન થયું હોવાનું જાણવા મળ્યું છે, પરંતુ સમયસર કાર્યવાહીના કારણે નુકસાન વધુ વધતું અટક્યું હતું.

દિવાળી નિમિત્તે ફાયર વિભાગ આખી રાત સતર્ક રહ્યો હતો. સમગ્ર પંથકમાં ફાયરની ટીમો સ્ટેન્ડબાય રાખવામાં આવી હતી. ફાયર અધિકારીઓએ લોકોને ફટાકડા ફોડતી વખતે સાવચેતી રાખવા, બાળકોને એકલા ફટાકડા ન ફોડવા દેવા, સૂકા ઘાસ, પેટ્રોલ, કાપડ જેવી જ્વલનશીલ વસ્તુઓથી દૂર રહીને ફટાકડા ફોડવા અને આગ લાગે તો તાત્કાલિક ફાયર વિભાગને જાણ કરવા અપીલ કરી છે.

હાલર રોડ પરના દેવપ્રયાગ એપાર્ટમેન્ટના પ્રવેશદ્વારે કચરામાં આગ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા.૦૯ : વલસાડ શહેરના હાલર રોડ પર સ્થિત દેવપ્રયાગ એપાર્ટમેન્ટના મુખ્ય પ્રવેશદ્વાર પાસે એકાએક કચરાના ઢગલામાં આગ ભભૂકી ઉઠી હતી. એપાર્ટમેન્ટના પ્રવેશદ્વાર નજીક જ આગ લાગવાના કારણે સ્થાનિક રહીશો તેમજ રાહદારીઓમાં થોડા સમય માટે અફરાતફરી અને ચિંતાનો માહોલ સર્જાયો હતો.



ઘટનાની જાણ સ્થાનિક લોકો દ્વારા તાત્કાલિક વલસાડ નગરપાલિકા ફાયર વિભાગને કરવામાં આવી હતી. બનાવની માહિતી મળતાં જ ફાયર બ્રિગેડની ટીમ ત્વરિત ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ફાયર ફાઈટરોએ પાણીનો મારો ચલાવીને ગણતરીના સમયમાં જ આગ પર સંપૂર્ણ કાબૂ મેળવી લીધો હતો.

ફાયર વિભાગની સમયસરની કામગીરીના પગલે આગ વધુ ફેલાતી અટકી હતી, જેના કારણે મોટી હોનારત કે નુકસાન ટળી ગયું હતું. આ બનાવમાં કોઈ પણ પ્રકારની જાનહાનિ ન થતાં સ્થાનિક રહીશોએ રાહતનો શ્વાસ લીધો છે.

ધરમપુરમાં ત્રણ સ્થળેથી બે અજગર અને ઝેરી કામળિયા સાપનું રેસ્ક્યૂ કરાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ધરમપુર, તા.૦૯ : ધરમપુર તાલુકાના બીલપુડી, ફૂલવાડી અને બરુમાળ વિસ્તારમાં વન્યજીવો માનવ વસાહત અને ખેતરમાં જોવા મળતાં વનવિભાગ તથા વાઈલ્ડલાઈફ રેસ્ક્યૂ ટ્રસ્ટ નવસારીના ધરમપુર વિભાગ દ્વારા ત્રણ સાપનું સફળતાપૂર્વક રેસ્ક્યૂ કરવામાં આવ્યું હતું.

બીલપુડીના બીલપુડી ડેરી ફળિયામાં લક્ષ્મણભાઈ રાયુભાઈ થોરાતના ખેતરમાં ભાતની કાપણી દરમિયાન ભાતમાં સંતાયેલો અજગર જોવા મળ્યો હતો. જ્યારે ફૂલવાડીના ખોરી ફળિયામાં ઝવેરભાઈ છગનભાઈ પટેલના ઘરે મરઘાંના શિકાર માટે આવેલો અજગર જોવા મળતાં રેસ્ક્યૂ ટીમને જાણ કરવામાં આવી હતી. તેવી જ રીતે બરુમાળ સદગુરુધામ નજીક જીતુભાઈ ભીખુભાઈ ગામતાના ઘરના આંગણે હિમોટોક્સિન ઝેર ધરાવતો ઝેરી કામળિયો (રસેલ્સ વાઈપર) સાપ જોવા મળતાં તાત્કાલિક રેસ્ક્યૂ કામગીરી હાથ ધરવામાં આવી હતી.

ત્રણેય બનાવોમાં વાઈલ્ડલાઈફ રેસ્ક્યૂ ટ્રસ્ટ નવસારીના ધરમપુર વિભાગના રેસ્ક્યૂઅર મુકેશભાઈ વાયાડ તથા મંગુભાઈ પાડવી દ્વારા ધરમપુર વનવિભાગને જાણ કરી સાપનું સહીસલામત રેસ્ક્યૂ કરવામાં આવ્યું હતું. રેસ્ક્યૂ બાદ અજગરને માનવ વસાહતથી દૂર જંગલ વિસ્તારમાં મુક્ત કરવામાં આવ્યા હતાં.

ઉમરગામના કાંકરિયા મોરામાં કંપનીમાં આગ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

ઉમરગામ, તા.૦૯ : ઉમરગામ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલા કાંકરિયા મોરા સ્થિત યુનિવર્સલ કિચન કંપનીમાં અચાનક આગ લાગતા દોડધામ મચી ગઈ હતી. ઘટનાની જાણ થતાં ઉમરગામ ફાયર વિભાગની ટીમ ફાયર બ્રાઉઝર સાથે તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. ફાયર ફાઈટરોએ બે કલાકથી વધુ સમય સુધી સતત પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવ્યો હતો. સદનસીબે ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નહોતી, જોકે કંપનીના રો-મટીરીયલને નુકસાન થયું હોવાનું જાણવા મળ્યું છે. આગ કયા કારણથી લાગી તે અંગે તપાસ હાથ ધરાઈ છે.

સુપ્રભાતમ્

આજનું પંચાગ

તા. ૧૦-૧૧-૨૦૨૬, **વાર :** સોમવાર **તિથિ :** આસો કારતક, સુદ ૧
સૂર્યોદય : ૦૬ : ૫૩ **સૂર્યાસ્ત** ૦૬ : ૫૩, **ચંદ્રોદય** - ૦૭:૩૯
ચંદ્રાસ્ત - ૦૬:૩૦ **ચંદ્ર રાશિ :** વૃશ્ચિક, **નક્ષત્ર** - વિશાખા

આજનું રાશિભવિષ્ય

મેષ (અ, લ, ઈ) : કરિયર અને વેપાર આજે નવી ઊર્જા અને ભારે આત્મવિશ્વાસ સાથે કાર્યસ્થળે તમારા અટકેલા કામો પૂર્ણ કરી શકશો. વેપારમાં અણધાર્યા આર્થિક લાભ થવાથી નાણાકીય સ્થિતિ વધુ સુદ્રઢ બનશે.
વૃષભ (બ, વ, ઉ) : વેપારમાં નવા સંપર્કો અને જૂના રોકાણોથી લાભ થશે. નોકરીમાં પદોન્નતિની પ્રબળ શક્યતા છે. ઓફિસમાં સહયોગ મળશે અને ઓનલાઈન કે આઈટી ક્ષેત્રે ધનલાભ થશે. પરિવાર સાથે સારો સમય પસાર થશે.
મિથુન (ક, ઘ, ચ) : સામાજિક માન-પ્રતિષ્ઠા વધશે અને અણધાર્યા સ્ત્રોતોથી આવક થવાથી આર્થિક બોજ હળવો થશે.
કર્ક (ડ, હ) : અટકેલા કાર્યો પૂર્ણ થવાની શક્યતા છે.કાર્યક્ષેત્રમાં સારા સમાચાર મળી શકે. પરિવાર સાથે આનંદભર્યો સમય પસાર થશે. નાણાંની લેવડદેવડમાં સાવચેતી રાખવી.
સિંહ (મ, ટ) : વ્યાપારિક મીટિંગો સફળ રહેશે અને નવી ભાગીદારીથી ફાયદો થશે, પરંતુ કોઈ પણ મોટું જોખમ લેવાનું ટાળવું. વ્યવહારિક કુશળતાથી કામ પૂરા થશે; શેરબજાર કે વિદેશ વેપારથી સારો નફો મળી શકે છે.
કન્યા (પ, ઠ, ણ) : કાર્યક્ષેત્રમાં સક્રિયતા અને સાહસ વધશે, નવી ભાગીદારી અને યોજનાઓથી મોટો ફાયદો થશે.વ્યવહારિક બુદ્ધિથી મુશ્કેલ કાર્યો પાર પડશે અને જૂની યોજનાઓમાંથી નફો મળશે.
તુલા (ર, ત) : પ્રોપર્ટી સંબંધિત નિર્ણયો માટે સાનુકૂળ દિવસ છે; પરિવારમાં ઉત્સવનું વાતાવરણ અને નવી આવક થશે. આવકના નવા સ્ત્રોત ઊભા થઈ શકે. પરિવાર સાથે સારો સમય પસાર થશે.
વૃશ્ચિક (ન, ય) : ચંદ્ર તમારી રાશિમાં હોવાથી ઉત્સાહ રહેશે, પ્રમોશન કે નવી જવાબદારી તથા જૂની ઉધારી ચુકવવામાં સરળતા રહેશે. પરિવાર સાથે આનંદભર્યો સમય પસાર થશે. નાણાંની લેવડદેવડમાં સાવચેતી રાખવી.
ધન (ભ, ધ, ફ, ઢ) : વ્યાપારમાં સફળતા મળશે પરંતુ ઉતાવળમાં નિર્ણય ન લેવો; બજેટ અને વાહન ચલાવતી વખતે સાવધાની રાખવી. કાર્યક્ષેત્રમાં સકારાત્મક સમાચાર મળશે.
મકર (ખ, જ) : કરિયર અને બિઝનેસમાં ટેકનોલોજીની મદદથી ઝડપી કામ થશે તથા આર્થિક લાભ વધશે.
કુંભ (ગ, સ, શ, ષ) : ભાગ્ય સાથ આપતાં અટકેલા સરકારી/બેંકિંગ કામો પૂરા થશે અને નોકરી-ધંધામાં લાભની તકો મળશે. વડીલોની સલાહ તમારા માટે ઉપયોગી રહેશે.
મીન (દ, ચ, થ, ઝ) : સર્જનાત્મકતાથી વિશેષ પ્રભાવ રહેશે; પૈતૃક સંપત્તિ કે જૂના રોકાણો અને ભાગીદારીથી લાભ થશે.

દમણ રેડિયો 102.3 FM

આકાશવાણી

મંગળવાર

સવારની પ્રથમ સભા : ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભક્તિ ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભક્તિ ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ -વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

સાંજે : ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન.

સુડોકુ નં.૨૮

6	1		8	5		2		
4				2	9			8
			3			5		
9							6	
	3	6				8	4	
	4							1
		7			4			
8			6	3				2
		4		7	1		8	9

અહીં એક ચોકઠું આપ્યું છે
જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.
(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.
(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.
(૩) પોન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો
(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

સુડોકુ નં.૨૭નો ઉકેલ

9	2	6	7	8	1	4	5	3
5	7	3	2	6	4	9	1	8
1	8	4	3	5	9	6	2	7
6	9	8	4	7	2	1	3	5
2	4	1	6	3	5	7	8	9
7	3	5	9	1	8	2	6	4
8	1	2	5	4	7	3	9	6
3	5	7	1	9	6	8	4	2
4	6	9	8	2	3	5	7	1

જાહેર નોટીસ

આથી સર્વે ને આ જાહેર નોટીસ થકી જણાવવામા આવે છ કે શ્રીમતિ વિજયા ભરતભાઈ પટેલ ને હમારા અસીલ બેંક ઓફ બરોડા, એસ.એમ.ઈ. શાખા, વાપી, તા.વાપી, જી.વલસાડ નાએ નીચે વર્ણવેલી મિલકત ધિરાણ મેળવવા માટે બેંક ને તારણ માં આપવા તૈયારી બતાવી છે.

સદરહુ મિલકત ના માલિકોએ હમારા અસીલ ને જણાવ્યું છે કે, તેઓ નીચે શીડ્યુલ માં જણાવેલ મિલકત ના સ્વતંત્ર માલિક કબજેદાર છે અને તેઓ સદરહુ મિલકતમાં બેંક ઓફ બરોડા, એસ.એમ.ઈ. શાખા, વાપી, તા.વાપી, જી.વલસાડ ના બોજા સિવાય અન્ય કોઈ પણ જાતના બોજા અગર ચાર્જ ઉત્પન્ન કરેલા નથી.

નીચે શીડ્યુલ માં વર્ણવેલી મિલકત કોઈ પણ વ્યક્તિ/ સંસ્થા/ સોસાયટી/ બેંક અગર કોઈ પણ નાણાકીય સંસ્થાનો કોઈ પણ જાતનો હક્ક , હિત અધિકાર અગર બક્ષિશ, ગીરો, વેચાણ, માટેનો કોઈ પણ જાતનો બોજો હોઈ તો તેઓએ તેમના ઉપર જણાવેલ કોઈ પણ જાતના હક્ક દાવા કે બોજા હોઈ તો તે સંબંધે ના દસ્તાવેજો ની ખરી નકલ સાથે હમો ને આ નોટીસ પ્રસિધ્ધ થયાના ૧૫ દિવસમાં લેખિતમાં રજી.ટપાલથી જાણ કરવી. તેમ કરવાને કસુર કરશે તો હમારા અસીલના ચાલી આવેલા બોજા સિવાય અન્ય કોઈ બોજા નથી અને સદરહું માલિકનો ચોખ્ખો બોજા રહિતનો માલિકી હક્ક છે તેમજ તે મિલકત ઉપર કોઈ પણ જાતનો હક્ક, હિત અધિકાર અગર બક્ષિશ, ગીરો, વેચાણ, માટેનો કોઈ પણ જાતનો બોજો નથી. એમ ધિરાણ મેળવનાર ની કબુલાત સ્વીકારી લેવામાં આવશે અને કોઈ પણ વ્યક્તિ અગર સંસ્થાના કોઈ પણ જાતનો હક્ક, હિત અધિકાર અગર બક્ષિશ, ગીરો, વેચાણ, માટેનો કોઈ પણ જાતનો બોજો હોઈ તો પણ તે તમામ જતા કરેલા યાને ત્યજી દીધેલા ગણી લેવામાં આવશે અને નોટીસ માં જણાવેલ સમયમર્યાદા પછીના કોઈ પણ એવા બોજા અગર હક્ક, હિત, અધિકાર હોઈ તો પણ તે ધ્યાન માં લેવામાં આવશે નહી જેની સર્વે એ નોંધ લેવી.

શીડ્યુલ

મોજે ટુકવાડા, તા.પારડી, જી.વલસાડ ખાતે આવેલ અવધ હેલીકોનીયા નામની પ્રોજેક્ટમાં પાડવામાં આવેલ બંગલો નં. ઈ-૧૬, જેનું ક્ષેત્રફળ ૬૩૯.૧૪ ચો.મી. વાળી મિલ્કત જેના ઉપર બાંધવામાં આવેલ ગ્રોઉન્ડ તથા પહેલા અને બીજા માળના કુલ્લે ૪૮૮.૧૧ ચો. મી. બાંધકામ સહિતની મિલ્કત જેનો સર્વે નં.૧૬૫૯ છે, તે મિલકત તેના લાગતા વળગતા તમામ હક્કો સહીત.....

તા.૦૯.૧૧.૨૦૨૬

અમિત એસ. કાપડિયા
ધ્રુવીલ અમીત કાપડિયા
એડવોકેટસ
આંગન એપાર્ટમેન્ટ, તીથલ રોડ વલસાડ ૩૯૬૦૦૧

SBPP Co-Operative Bank Ltd.,
(Scheduled Bank)
Head office: Parsi Street, Killa Pardi,
Dist.-valsad
Phone: 0260-2373270, 2373528
Mob. No. 6357937601

TENDER NOTICE

We invite Tender as per the details below.

Description: SBPP Co-operative Bank Ltd. Needs to procure Desktop system.

RFP and other Documents can be Downloaded from Tender Section of our Website https://sbpp.bank.in Tender Document to be submitted duly filed in sealed cover addressed to the undersigned on the address given above.
1. Tender fee Rs.1,000/- (Non-refundable).
Last Date for Submission of Techno Commercial Proposal with Tender Fee :
30-11-2026 upto 5 pm
Correspondence Email: contact@pardipeoplesbank.in

Place: Killa Pardi
Date: 09-11-2026

Custodian
Shri Rajeshbhai G. Rana

ઈ-શોર્ટ ટેન્ડર નોટિસ નં.૦૧ અને ૦૨ વર્ષ ૨૦૨૬-૨૭

સરીગામ ક્લીન ઈનિશિયેટિવ દ્વારા નીચે દર્શાવેલ કામો માટે લાયકાત ધરાવતા કોન્ટ્રાક્ટરો પાસેથી ઓનલાઈન ટેન્ડરો મંગાવવામાં આવે છે

ટેન્ડર નંબર	કામનું નામ	ટેન્ડરની વિગતો
ઈ-શોર્ટ ટેન્ડર ૦૧	૨૫ એમએલડી કોમન એફલુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ (CETP) તથા ફાઈનલ પમ્પિંગ સ્ટેશનના વ્યાપક સંચાલન, જાળવણી અને સમારકામ (O&M&R) માટેનો વાર્ષિક દર કરાર (ARC), જેમાં સિવિલ, મિકેનિકલ, ઈલેક્ટ્રિકલ, ઈન્સ્ટ્રુમેન્ટેશન, ઓટોમેશન, PLC-SCADA સિસ્ટમ, ઓનલાઈન કન્ટિન્યુઅસ એફલુઅન્ટ મોનિટરિંગ સિસ્ટમ (OCEMS), લેબોરેટરી કામગીરી, સુરક્ષા સેવાઓ, હાઉસકીપિંગ તથા અન્ય નિર્દિષ્ટ કામગીરીનો સમાવેશ થાય છે. સ્થળ : જીઆઈડીસી સરીગામ ઔદ્યોગિક વસાહત, ગુજરાત	અંદાજીત ખર્ચ, બાનાની રકમ (EMD) અને ટેન્ડર ફી : સંબંધિત ટેન્ડર દસ્તાવેજમાં દર્શાવ્યા મુજબ
ઈ-શોર્ટ ટેન્ડર ૦૨	હાલના એરેશન ટેન્ક પ્લેટફોર્મના સમારકામ અને મજબૂતીકરણ તથા સીઈટીપી સરીગામ ખાતે એમ.એસ. પાઈપ રેલિંગના પુરવઠા, ફેબ્રિકેશન, ઈન્સ્ટોલેશન અને પેઈન્ટિંગનું કામ.	અંદાજીત ખર્ચ, બાનાની રકમ (EMD) અને ટેન્ડર ફી : સંબંધિત ટેન્ડર દસ્તાવેજમાં દર્શાવ્યા મુજબ

મહત્વપૂર્વ તારીખો

ક્રમ	પ્રવૃત્તિ	તારીખ અને સમય
૧	ટેન્ડર દસ્તાવેજો ઓનલાઈન ડાઉનલોડ કરવા તથા ઓનલાઈન બિડ સબમિટ કરવાની તારીખ	૧૮-૧૧-૨૦૨૬ થી ૨૮-૧૧-૨૦૨૬
૨	ભૌતિક દસ્તાવેજો જમા કરાવવાની તારીખ	૩૦-૧૧-૨૦૨૬ થી ૧-૧૧-૨૦૨૬ (સવારે ૯ થી સાંજે ૫ કલાક સુધી)
૩	ટેકનિકલ બિડ ખોલવાની તારીખ	૦૨-૧૨-૨૦૨૬ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે

ટેન્ડર દસ્તાવેજો ઉપલબ્ધ થવાનું વેબસાઈટ સરનામું www.nprocure.com
EMD ટેન્ડર ફી તથા અન્ય નિયમો અને શરતોની વિગતો માટે સંબધિત ટેન્ડર દસ્તાવેજોનો સંદર્ભ લેવો. સરીગામ ક્લીન ઈનિશિયેટિવ કોઈપણ કારણ દર્શાવ્યા વિના કોઈપણ અથવા તમામ ટેન્ડરો સ્વીકારવા કે નામંજૂર કરવાનો અધિકાર અનામત રાખે છે. ટેન્ડર સબંધિત કોઈપણ સુધારા/ પરિશિષ્ટ / ફેરફાર માટે બિડ સબમિટ કરવાની છેલ્લી તારીખ સુધી ઉપરોક્ત વેબસાઈટની મુલાકાત લેતા રહેવા વિનંતી છે.

મુખ્ય કારોબારી અધિકારી
સરીગામ ક્લીન ઈનિશિયેટિવ
સીઈટીપી, સરીગામ





જાહેર નોટિસ

સરીગામ ક્લીન ઈનિશિયેટિવ (SCI) - CETP, સરીગામ

વિષય : હાઈડ્રોલિક લોડ / સભ્યપદ ટ્રાન્સફર અંગે વાંધા-સૂચનો બાબત.

GPCBના તા. ૧૦.૦૯.૨૦૨૬ ના કચેરી આદેશના અનુસંધાને, એક સભ્ય ઉદ્યોગમાંથી અન્ય સભ્ય ઉદ્યોગમાં હાઈડ્રોલિક લોડ / સભ્યપદ ટ્રાન્સફર કરવા અંગે વાંધા-સૂચનો મંગાવવામાં આવે છે.

લેખિત વાંધા-સૂચનો નોટિસ પ્રસિદ્ધ થયાની તારીખથી ૭ દિવસની અંદર SCI-CETP સરીગામની કચેરી ખાતે માત્ર હાલના સભ્ય ઉદ્યોગો દ્વારા તેમના માલિક/ભાગીદાર/ડિરેક્ટર અથવા અધિકૃત પ્રતિનિધિ મારફતે, યોગ્ય અધિકૃતતા/પુરાવા સાથે રજૂ કરવાના રહેશે. બિનસભ્ય ઉદ્યોગો અથવા અન્ય તૃતીય પક્ષો તરફથી મળેલ વાંધા-સૂચનો ધ્યાને લેવામાં આવશે નહીં.

મુખ્ય કાર્યકારી અધિકારી
સરીગામ ક્લીન ઈનિશિયેટિવ
CETP - સરીગામ





દિવાળી તથા નૂતન વર્ષ નિમિત્તે
સર્વ નાગરિકોને
હાર્દિક શુભકામનાઓ

BJP

ભારતીય જનતા પાર્ટી
વલસાડ જિલ્લો

BJP

આ પ્રકાશના પર્વ આપના જીવનમાં સુખ,
શાંતિ, સમૃદ્ધિ અને આનંદનો પ્રકાશ ફેલાય તેમજ
નવું વર્ષ આપ અને આપના પરિવાર માટે
સુખમય, સ્વસ્થ અને સફળતાભર્યું નીવડે
તેથી હાર્દિક શુભેચ્છાઓ.

સૌ સાથે મળીને પ્રેમ, એકતા અને
વિકાસના માર્ગે આગળ વધીએ.

દીપાવલી તથા
આવનારુ નવું વર્ષ

આપને તથા આપના પરિવારને સુખમય, સમુદ્ધિમય,
આરોગ્યમય, યશસ્વી નિવડે તેજ પ્રભુ પાસે પ્રાર્થના સહ...



દિપાવલીની
શુભેચ્છાઓ
સહ નૂતન
વર્ષાભિનંદન

શ્રીમતી હેતલબેન
જીતેશભાઈ પટેલ

પ્રમુખશ્રી
વલસાડ જિલ્લા પંચાયત
વલસાડ

LOTS OF CHOICES
GK LOWPRICE™
SUPER STORE
SINCE 1999, Serving with Care®

Happy
Diwali
&
Happy New Year

May the festival of lights bring joy,
health, prosperity and new beginnings
for you and your family.

Shop No, 6, 7, 8, Bhanu Kiran Complex,
Gunjan, Vapi – 396195
7096223366

નવસારી વિભાગ કવોરી ઓનર્સ એસોસિયેશન

HAPPY DIWALI

IT'S TIME TO
SHIFT TO
M-SAND

ગુજરાત સરકાર દ્વારા માન્ય મેન્યુફેકચર સેન્ડ તથા
ઉચ્ચ ગુણવત્તા યુકત કપચી, ગ્રીટ, GSB મટીરિયલનો
વિશ્વસનીય સોર્સ એટલે ચીખલી કવોરી વિસ્તાર



નવસારી વિભાગ કવોરી ઓનર્સ એસોસિયેશન - ચીખલી

Shanta Ba
English Medium School

OUR OFFER
• Quality Education
• Serene Environment
• Remedial Classes
• Weekly Tests
• Gita Education
• Phonics and many more

ADMISSION
OPEN 2026



Rentlav, Near Panchwati Talav, Udwada(R.S.)
For more details: 7878203522
9724100924


Enroll
Now

We Care... We Share...
For Future We Prepare...

દમણગંગા ટાઈમ્સ
પરિવાર તરફથી
દિપાવલી તથા નૂતનવર્ષ પર્વ નિમિત્તે
હાર્દિક શુભકામના

OWNER : Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**


દિવાળી અને નૂતનવર્ષની
હાર્દિક શુભકામનાઓ
સ્નેહી નાગરિક ભાઈઓ, બહેનો અને યુવાનો, દિવાળીનાં પાવન પર્વ
આપ સૌના જીવનમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ લાવે
તથા નૂતન વર્ષ આપણા પરિવાર માટે આરોગ્ય, આનંદ અને
પ્રગતિમય બની રહે તેવું હૃદયપૂર્વક શુભેચ્છાઓ
શ્રી ભરતભાઈ કિકુભાઈ પટેલ
ધારાસભ્ય
વલસાડ


Wishing you a Very
Happy Diwali &
A Prosperous
New Year
A WELL-WISHER
VALSAD


દિપાવલી તથા
નૂતનવર્ષ પર્વ નિમિત્તે
હાર્દિક શુભકામના
ALPINE
Reaching the Pinnacle

નૂતન વર્ષના મંગલમય પ્રભાતથી પરસ્પર આત્મિયતા વધુ ગાઢ બને તેવી અંતઃકરણપૂર્વક પ્રાર્થના સહ નૂતન વર્ષાભિનંદન

આનંદભાઈ એન. પટેલ

ચીખલી તાલુકા કોંગ્રેસ પ્રમુખ

મુ. ટાકલ, તા.ચીખલી, જી.નવસારી

દિપાવલીના મંગલપર્વ નિમિત્તે હાર્દિક શુભકામના સહ નૂતન વર્ષાભિનંદન



એક શુભેચ્છક

ચીખલી

નૂતનવર્ષના મંગલમય પ્રભાતથી પરસ્પર આત્મિયતા વધુ ગાઢ બને તેવી અંતઃકરણ પૂર્વક પ્રાર્થના સહ નૂતન વર્ષાભિનંદન

શ્રી કેમિકલ

મુ. ચીખલી, જી.નવસારી

દિવાળી અને નવા વર્ષની હાર્દિક શુભકામના

ઝહીર ચીકન સેન્ટર

અમારે ત્યાં ચોખાના પૂળા, ચીકનના મામણા, ચીકન સેકેલું, ચીકન તંગડી, ચીકન રસાવાળુ રાઇસ મળશે.

પ્રો. હારૂન અલ્લારખુ ખલીફા (આમધરાવાળા)
પ્રમુખશ્રી, ચીખલી તાલુકા ખલીફા સમાજ
મુ. થાલા- ચીખલી, ને.હા.નં.૪૮, ચીખલી

નૂતનવર્ષના મંગલમય પ્રભાતથી પરસ્પર આત્મિયતા વધુ ગાઢ બને તેવી અંતઃકરણપૂર્વક પ્રાર્થના સહ નૂતન વર્ષાભિનંદન

AB SCHOOL

મુ.ચીખલી તા.ચીખલી

નૂતન વર્ષના મંગલમય પ્રભાતથી પરસ્પર આત્મિયતા વધુ ગાઢ બને તેવી અંતઃકરણ પૂર્વક પ્રાર્થના સહ નૂતન વર્ષાભિનંદન

કિશોરભાઇ એચ. પટેલ

ગર્વમેન્ટ કોન્ટ્રાક્ટર
મુ.સાદકપોર તા.ચીખલી, જી. નવસારી

દિપાવલીના મંગલ પર્વ નિમિત્તે હાર્દિક શુભકામના સહ નૂતનવર્ષાભિનંદન

YND

(રોડ અન્ડ બિલ્ડર્સ)

પ્રો. યશવંતભાઇ ધનાણી

મુ. ચીખલી, જી.નવસારી

દિપાવલી તથા નૂતન વર્ષ પર્વ નિમિત્તે હાર્દિક શુભકામના

ભારત માતા કી જય



શૈલેષભાઇ એન.પટેલ

પ્રમુખશ્રી
નવસારી જિલ્લા કોંગ્રેસ સમિતિ

નવસારી જિલ્લા કોંગ્રેસ સમિતિ તરફથી સૌવ હોદ્દેદારો તથા કાર્યકર્તા મિત્રોને દિવાળીની શુભકામના આવનાર નવું વર્ષ આપના માટે આરોગ્યમય, સુખમય, શાંતિમય નિવડે એવી શુભેચ્છા સાથે તમામને સાલ મુબારક

દિપાવલીના મંગલપર્વ નિમિત્તે હાર્દિક શુભકામના

વિમલ ઉચ્ચત્તર કેળવણી ટ્રસ્ટ ચીખલી

ચેરમેનશ્રી,
દર્શનભાઈ દેસાઈ

દિપાવલીના મંગલપર્વ નિમિત્તે હાર્દિક શુભકામના સહ નૂતનવર્ષાભિનંદન

સિંચાઈ વિભાગ, ચીખલી

મુ. ચીખલી, તા.ચીખલી, જી.નવસારી

દિપાવલીનો પવિત્ર તહેવાર ચીખલી તાલુકાના લોકોના ઘરોમાં પ્રસન્નતા, પ્રફુલતા, પ્રેમની જ્યોત સદાય ઉજ્જવળ બની રહે એવી શુભેચ્છા સહ નૂતન વર્ષાભિનંદન

માઁ કૃપા પેટ્રોલિયમ

ચીખલી-વાંસદા રોડ ઉપર
પેટ્રોલ, ડીઝલ, સીએનજી વેચાણ ચાલું છે.
મુ. કુકેરી, તા. ચીખલી, જી. નવસારી

દિપાવલીના મંગલપર્વ નિમિત્તે હાર્દિક શુભકામના

શ્રી સ્વામિનારાયણ ઇન્ટરનેશનલ ગુણાતિત વિદ્યાધામ સમરોલી, ચીખલી

વિદ્યાર્થીઓ, વાલીશ્રીઓ અને ચીખલી તેમજ આસપાસના તમામ ગ્રામજનો, નાગરિકોને નૂતન વર્ષાભિનંદન,
આચાર્યશ્રી, સ્વામી
શ્રી ઘનશ્યામ પ્રકાશદાસજી
શ્રી સ્વામિનારાયણ ઇન્ટરનેશનલ ગુણાતિત વિદ્યાધામ
સમરોલી,ચીખલી શાળા પરિવાર

નૂતનવર્ષના મંગલમય પ્રભાતથી પરસ્પર આત્મિયતા વધુ ગાઢ બને તેવી અંતઃકરણ પૂર્વક પ્રાર્થના સહ નૂતન વર્ષાભિનંદન

તેજસ ડી. શાહ

ગર્વમેન્ટ કોન્ટ્રાક્ટર
બીલીમોરા



દિવાળી અને નવાવર્ષની હાર્દિક શુભકામના, નવું વર્ષ સૌને માટે યશસ્વી, ફળદાયી, તંદુરસ્તી બક્ષે એવી અભ્યર્થના સહ.....

સ્પંદન હોસ્પિટલ

મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલ

મેનેજ બાય ડાયઝન ગ્રુપ
મુ. થાલા, ને.હા.નં.૪૮ ચીખલી
તા. ચીખલી, જી.નવસારી

નૂતનવર્ષના મંગલમય પ્રભાતથી પરસ્પર આત્મિયતા વધુ ગાઢ બને તેવી અંતઃકરણપૂર્વક પ્રાર્થના સહ નૂતન વર્ષાભિનંદન

અનિરૂધ્ધ કન્સ્ટ્રકશન

ગર્વમેન્ટ કોન્ટ્રાક્ટર
બિલ્ડીંગ
પ્રો. કલ્પેશભાઇ દેસાઇ
ચીખલી

દિપાવલીના મંગલપર્વ નિમિત્તે હાર્દિક શુભકામના સહ નૂતન વર્ષાભિનંદન

SANJYBHAI GANDHI PIYUSHBHAI GANDHI

GANDHI ROAD BUILDERS ENGINEERS & CONTRACTOR

Rest House, Lunsikui, Navsari
Email: info@grbindia.com

HAPPY DIWALI &
PROSPROUS NEW YEAR

S.U. PATEL

ગર્વમેન્ટ કોન્ટ્રાક્ટર, સોલધરા
તા.ચીખલી, જી. નવસારી

દિપાવલી તથા નવાવર્ષની અનેક શુભકામનાઓ

ચીખલી તાલુકા સહકારી રૂપાંતર અને વેચાણ કરનારું મંડળ લિ.

ભરતભાઈ ઝેડ. પટેલ
પ્રમુખશ્રી
દિનેશચંદ્ર સી. પટેલ
ઉપપ્રમુખશ્રી
અનિલભાઈ એમ. પટેલ
ઈન્ચાર્જ મેનેજર

ડિજિટલ શુભેચ્છાઓનું આક્રમણ

વાઘબારસથી જ સ્માર્ટફોન પર વર્તમાન ડિજિટલ યુગમાં દિવાળીની ડિજિટલ શુભકામનાઓના આક્રમણની શરૂઆત થઈ જાય છે. પહેલાના સમયમાં દિવાળીમાં શુભકામના પાઠવવા માટે સગા સંબંધીઓ તથા મિત્રોને શુભેચ્છા પાઠવવા માટે જે ગ્રીટીંગ્સ કાર્ડ લખાતા હતા તે હવે ભૂતકાળની વાત બની ગઈ છે. ડિજિટલ ક્રાંતિ થઈ એટલે ડિજિટલ સ્માર્ટ લોકો હવે ડિજિટલ વર્ક કરતા થઈ ગયા છે. ફિઝિકલી ગ્રીટીંગ્સ કાર્ડ મોકલવાને બદલે હવે લોકો સ્માર્ટ ફોન પર ડિજિટલ કાર્ડ મોકલતા થઈ ગયા છે. સોશિયલ મીડિયાના અતિ આક્રમણને પરિણામે લોકો હવે ડિજિટલ શુભેચ્છાઓ પાઠવવાનું વધારે પસંદ કરે છે. દિવાળી તથા અન્ય તહેવારોમાં પણ હવે વ્હોટ્સ એપ, ઈન્સ્ટાગ્રામ , ફેસબુક, મેસેજીસ થકી શુભેચ્છાઓનું જાણે ઘોડાપૂર આવે છે. દિવાળી પહેલા ઘરની સફાઈ અને દિવાળી દરમિયાન સ્માર્ટફોનમાં અસંખ્ય દિવાળી શુભકામનાઓને ડીલીટ કરીને સફાઈ કરવાનું વર્તમાન ડિજિટલ યુગમાં એક નવા કામનો ઉમેરો થયો છે. પહેલા જે પરંપરાગત રીતે ખોબલે ખોબલે શુભકામનાઓ અપાતી હતી તે હવે લુપ્ત થઈ જતા ડિજિટલ યુગમાં ડિજિટલ શુભેચ્છાઓનું આક્રમણ થતું જોવા મળે છે. ખૂબ જ ઝડપથી પરિવર્તન થઈ રહ્યું છે ત્યારે ૨૧ મી સદીના આધુનિક ટેકનોલોજીના યુગમાં ડિજિટલ શુભેચ્છાઓ પાઠવવામાં આવે એમાં કંઈ ખોટું પણ નથી. પરંતુ કેટલીક વખત એમાં વિવેક જળવાતો નથી. પોતાના આકર્ષક ફોટા અને હોદ્દા સાથે ડિજિટલ શુભેચ્છા પાઠવનારા પણ અનેક જોવા મળે છે. જો ડિજિટલ શુભેચ્છાનો ઉપયોગ વિવેકપૂર્વક રીતે કરવામાં નહીં આવે તો ડિજિટલી કચરા સિવાય એ વિશેષ કંઈ નથી. સાઈબર ઠગો દ્વારા દિવાળી શુભકામના પાઠવતા ડિજિટલ કાર્ડના નામે અજાણી લીંક પણ મોકલવામાં આવે છે અને લોકો એમાં ફસાઈ પણ જાય છે. તેથી આવી ફેક લિંકથી દિવાળી દરમિયાન સાવધાન રહેવા માટે પણ હું અનુરોધ કરું છું. આપણે સૌ હવે સાઈબર વર્લ્ડમાં જીવન જીવી રહ્યા છે તેથી સ્વાભાવિક રીતે ડિજિટલ ક્રાંતિનો -ભાવ આપણા પર પડ્યા વિના રહેતો નથી. જેમ જેમ આપણે ડિજિટલ વિશ્વમાં વધુને વધુ ઊંડા ઉતરતા જઈ રહ્યા છીએ તેમ તેમ આપણે આસપાસની વાસ્તવિક દુનિયાને ભૂલીને આભાસી વિશ્વમાં આભાસી જીવન જીવતા થઈ ગયા છે. ડિજિટલ વિશ્વના ફાયદાઓ છે તેમ ગેરલાભો પણ છે જ ! આપણે ડિજિટલ ક્રાંતિના લાભો ઉઠાવીને આગળ વધતા રહીએ એ જ એનો ઉપાય છે. આ વિચાર લેખ દ્વારા સૌને ડિજિટલ શાબ્દિક દિવાળીની ખોબલે ખોબલે શુભકામના પાઠવું છું.

- ડૉ. જે. એમ. નાયક
નવસારી

સરકારી કર્મચારીની ફરજિયાત નિવૃત્તિ કોઈ સજા નથી : સુપ્રીમ કોર્ટ

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૮ : સરકારી કર્મચારીને ફરજિયાત નિવૃત્ત કરવાનો નિર્ણય કોઈ સજાના સ્વરૂપમાં ગણાવી શકાય નહીં અને તેનાથી કર્મચારીના ચારિત્ર્ય કે વર્તન સામે કોઈ શંકા ઊભી થતી નથી, તેવી મહત્ત્વપૂર્ણ ટિપ્પણી સુપ્રીમ કોર્ટે કરી છે. છત્તીસગઢ સરકાર દ્વારા કેટલાક કર્મચારીઓને ફરજિયાત નિવૃત્ત કરવાના નિર્ણયને યોગ્ય ઠેરવતાં કોર્ટે સ્પષ્ટ કર્યું હતું કે જાહેર હિતમાં લેવામાં આવેલા આવા નિર્ણયને ગેરવર્તણૂક બદલની સજા તરીકે જોવો યોગ્ય નથી.

મામલામાં છત્તીસગઢ સરકારે પોતાના કર્મચારીઓને ફરજિયાત નિવૃત્ત કરવાનો આદેશ આપ્યો હતો. રાજ્ય સરકારની દલીલ હતી કે સંબંધિત કર્મચારીઓની સેવાઓ હવે જાહેર હિતમાં ઉપયોગી રહી નથી. આ નિર્ણયને કર્મચારીઓ દ્વારા પડકારવામાં આવ્યો હતો, પરંતુ છત્તીસગઢ હાઈકોર્ટે સરકારના આદેશને માન્ય રાખ્યો હતો. ત્યારબાદ મામલો સુપ્રીમ કોર્ટ સુધી પહોંચ્યો હતો.

સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે ફરજિયાત નિવૃત્તિનો આદેશ કર્મચારી સામેની શિસ્તભંગની કાર્યવાહી કે દંડસમાન નથી. આવા નિર્ણયથી કર્મચારીના ચારિત્ર્ય પર કોઈ કલંક લાગતો નથી અને તેને ગેરવર્તણૂક બદલ દોષિત ગણાવી શકાય નહીં.

કોર્ટે વધુમાં સ્પષ્ટ કર્યું હતું કે ફરજિયાત નિવૃત્તિનો નિર્ણય લેતી વખતે કર્મચારીની સેવાની ઉપયોગિતા અને જાહેર હિતને ધ્યાનમાં રાખવું જરૂરી છે. માત્ર કર્મચારીને નિવૃત્ત કરવામાં આવ્યો છે એટલા માટે તેની કામગીરી કે વર્તન સામે શંકા વ્યક્ત કરી શકાય નહીં. કોર્ટના અવલોકન મુજબ, ફરજિયાત નિવૃત્તિનો નિર્ણય લેતી વખતે એ જોવું જરૂરી છે કે સંબંધિત કર્મચારીની સેવાઓ જાહેર હિતમાં હજુ કેટલી ઉપયોગી છે.

માસા ગામે કાળી ચૌદશે મહાકાળી માતાના મંદિરે મેળો યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

બીલીમોરા, તા.૦૮ : ગણદેવી તાલુકાના કાંઠા વિસ્તારમાં આવેલા આસ્થાના પ્રતીક સમાન માસા ગામે આસો વદ કાળી ચૌદશ નિમિત્તે શ્રી મહાકાળી માતાજીના મંદિરે પરંપરાગત ભવ્ય મેળો યોજાયો હતો. સમગ્ર નવસારી જિલ્લા અને ગુજરાતભરમાંથી વહેલી સવારથી જ માઈભક્તોનું ઘોડાપૂર ઉમટી પડતાં મંદિર પરિસરમાં દર્શનાર્થે લાંબી કતારો જોવા મળી હતી. શ્રદ્ધાળુઓએ નાળિયેરની સૂકી વાટીમાં દીવો પ્રગટાવી પોતાની માનતા પૂર્ણ કરી માતાજીના આશીર્વાદ લીધા હતાં. મેળામાં ડાંગી સંગીત વાદ્યોના તાલે પરંપરાગત વેશભૂષામાં યુવાનો દ્વારા રજૂ કરાયેલું ઘેરૈયા નૃત્ય સૌ માટે વિશેષ આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું, જેના કારણે માસા-અમલસાડ માર્ગો ભક્તોની ભીડથી ઉભરાયા હતાં.

આ પાવન અવસરે નવસારીના ધારાસભ્ય રાકેશ દેસાઈ, શ્રી મહાકાળી માતા મંદિર ટ્રસ્ટના પ્રમુખ અનિલભાઈ પટેલ, સરપંચ રોકીતાબેન પટેલ, ઉપસરપંચ અશોક પટેલ તેમજ નીતિજ્ઞાબેન પટેલ, શૈલેષ હળપતિ, પ્રવિણ ઉર્ફ ભોજાભાઈ પટેલ, કિશોરભાઈ પટેલ (ભાગરુ) અને મનીષ પટેલ સહિત ટ્રસ્ટીગણ અને અગ્રણીઓએ ઉપસ્થિત રહી માતાજીના ચરણોમાં શીશ ઝુકાવ્યું હતું. મંદિર ટ્રસ્ટ દ્વારા દર્શનાર્થીઓ



માટે સુચારુ વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, દર વર્ષની જેમ નૂતન વર્ષ પર્વે પણ મંદિર પરિસરમાં આવી જ રીતે શ્રદ્ધાળુઓનો ભવ્ય મેળાવડો જામશે.

દિપાવલી તથા નૂતનવર્ષ પર્વ નિમિત્તે હાર્દિક શુભકામના



શ્રી તેજારામ ચૌધરી

તાલુકા પંચાયત સભ્ય સોળસુંબા

દિપાવલી તથા નૂતનવર્ષ પર્વ નિમિત્તે હાર્દિક શુભકામના



શ્રીમતી વંદનાબેન પ્રવીણભાઈ માહ્યાવંશી
(જિલ્લા પંચાયત સભ્ય સોળસુંબા)



શ્રીમતી કાજલબેન હળપતિ
(તાલુકા પંચાયત સભ્ય દહેરી)

દિપાવલી તથા નૂતનવર્ષ પર્વ નિમિત્તે હાર્દિક શુભકામના



શ્રી રામદાસભાઈ વરઠા

જિલ્લા પંચાયત સભ્ય ફણસા (ઉમરગામ)

WISHING YOU
A VERY
HAPPY DIWALI!

HERE'S TO A YEAR OF
HAPPINESS,
WEALTH & HEALTH

Explore the world of
PHOSPHOROUS CHEMISTRY

OFERING PHOSPHORUS BASED SPECIALITY
CHEMICALS AND AGRO CHEMICALS GLOBLLY

SANDHYA GROUP OF COMPNIES

312, Nand Prem, 142, Nehru Road, Vile Parle (E), Mumbai- 400057
Tel. : (+91-22) 6156 5555 Fax : (+91-22) 2610 4201
E-mail: socpl@vsnl.com, Website : www.sandhya-group.com

Regd. Office & Factory: Plot No. 808/A/2, IIIrd Phase, G.I.D.C. Vapi.
Tel. 0260- 2430875, 2400235, Fax : 2430875


દીપાવલી તથા આવનારુ નવું વર્ષ

આપને તથા આપના પરિવારને સુખમય, સમુદ્ધિમય, આરોગ્યમય, યશસ્વી
નિવડે તેજ પ્રભુ પાસે પ્રાર્થના સહ...

દિપાવલીની હાર્દિક શુભેચ્છાઓ

વલસાડ તાલુકા પંચાયત

શ્રી કિશોરભાઈ મગનભાઈ પટેલ	શ્રીમતી હસુમતીબેન બળદેવભાઈ ટંડલ
પ્રમુખશ્રી	ઉપપ્રમુખશ્રી
શ્રી મહેશભાઈ શંકરભાઈ પટેલ	શ્રી કાંતિલાલ બાબુભાઈ પટેલ
કારોબારી અધ્યક્ષશ્રી	સામાજિક ન્યાય સમિતિ અધ્યક્ષશ્રી
શ્રીમતી કિન્નરીબેન નરેશભાઈ પટેલ	શ્રી મુકેશભાઈ ઈશ્વરભાઈ પટેલ
દંડકશ્રી	શાસકપક્ષના નેતા



સૌ સાથીઓ, મિત્રો, શુભેચ્છકો તથા તમામ
ભાઈ બહેનોને દિવાળી અને નવા વર્ષની

હાર્દિક શુભેચ્છાઓ



ગૌરવ પંડ્યા, એડવોકેટ

સત્ય : અખિલ ભારતીય કોંગ્રેસ કમિટી,(AICC)

ઓફિસ

102, બાલશાંતિ એપાર્ટ., શેહ આર. જે. જે. હાઈસ્કુલની સામે, તિથલ રોડ, વલસાડ.
ફોન : 02632 – 253004 • E – mail : office.gauravpandya@gmail.com

Gaurav Pandya | gaurav.h.pandya | gauravp_valsad

